**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# વૈદિક સાહિત્યમાં બ્રાહ્મણોના સોળ સંસ્કારો

સંશોધક

**મહેતા કિરણબાળા રસિકલાલ**

એમ. એ., એમ.એડ્.

ઈતિહાસ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

Kiranmaheta51@gmail.com

માર્ગદર્શક

**ડૉ. ધીરુભાઈ વાળા**

એસોસિએટ પ્રોફેસર,

અધ્યક્ષ - ઈતિહાસ ભવન, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મેંદરડા, જુનાગઢ

**પ્રસ્તાવના:-**

ભારતમાં હિંદુ સમાજ વ્યવસ્થાનો પાયો વર્ણવ્યવસ્થા પર આધારિત છે. જે પ્રાચીનકાળથી સમાજના વર્ગોમાં કાર્યો વિભાજીત કરતી એક સુવ્યવસ્થા છે. જેનાથી માનવ સમાજ એકબીજાની જરૂરીયાતોની પૂરક પૂર્તિ કરે છે. જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય અને શુદ્ર - એમ ચાર વર્ણો અસ્તિત્વમાં હતા. ઋગવેદમાં 'બ્રહ્મ' શબ્દ અનેકવાર પ્રયોજાયેલ છે, જે 'બ્રાહ્મણ' માટે પ્રયોજાયેલ હોવાનું મનાય છે.

પૃથ્વી પરના દેવતા બ્રાહ્મણની ઉત્પતિ પરમ પુરુષના મુખમાંથી થયાનું ઋગવેદનું પુરુષસૂક્ત દર્શાવે છે. ब्राह्मणोडस्य मुखमासित् આનો ભાવાર્થ લઈએ તો પરમપુરુષની વાણી - કે જે બ્રહ્મવાણી છે - ના વાહક બ્રાહ્મણો છે. બ્રાહ્મણોના જીવનનું મુખ્ય અંગ સંસ્કારો છે. વૈદિક સાહિત્યમાં પ્રારંભથી સંસ્કારો ધાર્મિક તથા સામાજિક એકતાનું પ્રભાવક માધ્યમ રહ્યા છે. સંસ્કાર જીવનના વિભિન્ન પ્રસંગોને મહત્વ અને પવિત્રતાનું પ્રદાન કરે છે. સંસ્કારોનો સંબંધ સંપૂર્ણ જીવન સાથે હોવાથી કોઈપણ સંસ્કૃતિને પૂર્ણ રૂપથી સમજવા માટે સંસ્કારોનું અધ્યયન મહત્વનું છે.

➢ **સંસ્કારનો વ્યુત્પત્તિકારક અર્થ**

સમ્ પૂર્વગ્ કૃઞ પ્રત્યય થઇ ને સંસ્કાર શબ્દ બને છે. જેનો અર્થ છે સંસ્કરણ સમ્યક્કરણં વા સંસ્કાર: અર્થાત શુદ્ધિ કરવી અથવા સારી રીતે નિર્માણ કરવું તેને સંસ્કાર કહે છે. સમ ઉપસર્ગપૂર્વક કૃ ધાતુમાંથી ધઞ પ્રત્યય થઈને બનેલો 'સંસ્કાર' શબ્દ પોતે જ પોતાનું લક્ષણ પ્રગટ કરી દે છે. જેમ કે શરીર અને આત્મામાં કમી યા ત્રુટી ને પૂર્ણ કરતા, દોષોનું પરિમાર્જન કરતા અતિશય ગુણોનું આધાન કરનારા શાસ્ત્રવિહિત વિધિ (કર્મકાંડ)થી ઉદભવેલા અતિશય વિશેષને જ 'સંસ્કાર' કહેવામાં આવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સંસ્કાર શબ્દનો પ્રયોગ કેટલાય અર્થોમાં કરવામાં આવેછે. 'મેદીની કોશ' પ્રમાણે એનો અર્થ છે (ક) પ્રતિયત્ન (ખ) અનુભવ (ગ) માનસ કર્મ. સર્વ પ્રથમ ઋગવેદ માં આ શબ્દનો પ્રયોગ થયો હતો. તેમાં તેનો અર્થ ધર્મ (વાસણ) ની શુધ્ધતા-પવિત્રતા કરવામાં આવ્યો હતો. આ સિવાય 'શતપથ બ્રાહ્મણ' તથા છાંદોગ્ય ઉપનિષદમાં આ શબ્દનો અર્થ નિર્મળતા-સ્વચ્છતા કરવામાં આવ્યો. જૈમીની કૃત 'મીમાંસા સૂત્ર'માં એનો પ્રયોગ 'ચમકાવવા'ના અર્થમાં થયો ત્યારથી આજ સુધી આ શબ્દ પોતાના અર્થ અને સ્વરૂપનો ઘણો સારગર્ભિત અને વૈજ્ઞાનિકતા પૂર્ણ કરી ચુક્યો છે.

➢ **સંસ્કારોની સંખ્યા**

સંસ્કારની સંખ્યાના વિષયમાં સ્મૃતિશાસ્ત્રમાં મતભેદ પામેલ છે. ૪૮ સંસ્કાર તો ક્યાંક ૨૫ સંસ્કાર અને ક્યાંક ૧૬ સંસ્કાર બતાવ્યા છે જેમ કે

જાતુકર્ણ્યઁ ઋષિએ બ્રાહ્મણ સંસ્કારની સંખ્યા ૧૬ (સોળ) બતાવી છે. ૧) ગર્ભાધાન ૨) પુંસવન ૩) સીમંતોનયન ૪) જાતકર્મ ૫) નામકરણ ૬) અન્નપ્રાશન ૭) ચુડાકરણ ૮) ઉપનયન ૯) વેદારંભ ૧૦) બ્રહ્મવ્રત ૧૧) વેદવ્રત ૧૨) ગોદાન ૧૩) સમાવર્તન ૧૪) વિવાહ ૧૫) બ્રાહ્મવ્રત ૧૬) અંત્યકર્મ

અંગિરા ઋષિના મત પ્રમાણે ૨૫ (પચીસ) સંસ્કારો કહેલા છે. તેના નામ ૧) ગર્ભાધાન ૨) પુંસવન ૩) સીમંતોનયન ૪) વિષ્ણુબળી ૫) જાતકર્મ ૬) નામકરણ ૭) નિષ્ક્રમણ ૮) અન્નપ્રાશન ૯) ચૌલ ૧૦) ઉપનયન, વેદવ્રત ઉપર કહેલા ચાર વેદવ્રત ૧૧-૧૨-૧૩-૧૪ ૧૫) સમાવર્તન ૧૬) વિવાહ ૧૭) આગ્રયણ ૧૮) અષ્ટકા ૧૯) શ્રાવણી ૨૦) આશ્વયુજી ૨૧) માર્ગશીર્ષા ૨૨) પાર્વણ ૨૩) ઉત્સર્ગ ૨૪) ઉપાકર્મ ૨૫) પંચમહાયજ્ઞ

ગૌતમે ગર્ભાધાન, પુંસવન, સીમંતોનયન, જાતકર્મ, નામકરણ, અન્નપ્રાશન, ચૌલ, ઉપનયન, વેદના ચાર વ્રતો, સ્નાન કે સમાવર્તન, વિવાહ, દૈનિક પાંચ મહાયજ્ઞ (દેવ, પિતૃ, મનુષ્ય, ભૂત અને બ્રહ્મ), સાત વાક્યજ્ઞો, (અષ્ટક, પર્વણ, સ્થાલીપાક, શ્રાદ્ધ, શ્રાવણી, અગ્રહાયની, ચૈત્રી) અને અશ્વયુજી, સાત હવિયજ્ઞો (જેમાં સોમ સિવાય અહુતી અપાય છે જેવા કે અગન્યાધેય, અગ્નિહોત્ર, દશપૂર્ણમાસ, આગ્રાયણ, ચાતુર્માસ્યસ, નીરૂધપશુબંધ અને શ્રોતમણી), સાત સોમયજ્ઞો (જેવા કે અગ્નિષ્ટોમ, અંત્યગ્નિષ્ટોમ, ઉતશ્ર્ય, ષોડશિન, વાજપેય, અતિરાત્ર, આપ્તોયાનિ) એમ ચાળીસ (૪૦) સંસ્કાર ગણાવ્યા છે. અન્ય આઠ ગુણોની સાથે ૪૮ સંસ્કારનો ઉલ્લેખ થયો છે.

બોધાયનગૃહ્યસૂત્રમાં ૧૩ સંસ્કારો વર્ણવ્યા છે. ૧) વિવાહ ૨) ગર્ભાધાન ૩) પુંસવન ૪) સીમંતોનયન ૫) જાતકર્મ ૬) નામકરણ ૭) ઉપનિષ્ક્રમણ ૮) અન્નપ્રાશન ૯) ચુડાકરણ ૧૦) કર્ણવેધ ૧૧) ઉપનયન ૧૨) સમાવર્તન અને ૧૩) પિતૃમેધ (અંત્યોષ્ટિરૂપે)

આજે માનવ સમાજમાં જે સંસ્કારોનું પ્રચલન છે એમની મુખ્યત: ૧૬ સંખ્યા માનવામાં આવે છે.

જેમ કે મહર્ષિ વ્યાસજીએ લખ્યું છે કે

गर्भाधान पुंसवन सीमंतो जातकर्म च ।

नामक्रिया निष्कमोडन्न-प्राशनं वपनक्रिया ।।

कर्णवेधो व्रतादेशो वेदारंभक्रिया विधि: ।

केशान्त: स्नानमुद्राहो विवाहाग्नि परीग्रह: ।

त्रेताग्निसंग्रहश्चैव संस्कारा: षोडशस्मृता: ।

વ્યાસસ્મૃતિ - ૧ - ૧૩-૧૪

અર્થાત ગર્ભાધાન, પુંસવન, સીમંતોનયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૂડાકર્મ, કર્ણવેધ, ઉપનયન, વેદારંભ (વિદ્યારંભ), સમાવર્તન, લગ્ન તથા અગન્યાધાન, અગન્યાધાનની અંતર્ગત ત્રણ અગ્નિ (ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણાગ્નિ) સ્થાપિત કરવામાં આવતા હતા. આ અગ્નિઓનો વ્યાવહારિક ઉપયોગ વાનપ્રસ્થ, અંત્યેષ્ટિ અને મરણોત્તર સંસ્કારોમાં થવાથી સંસ્કારોની સંખ્યા ૧૬ થઇ જાય છે. આ નામોમાં ક્યાંક ક્યાંક ભિન્નતા પણ જોવા મળે છે.

હાલમાં આધુનિક સમયમાં નીચે મુજબના ૧૬ સંસ્કારો સર્વત્ર પ્રસિદ્ધ છે. ૧) ગર્ભાધાન ૨) પુંસવન ૩) સીમંતોનયન ૪) જાતકર્મ ૫) નામકરણ ૬) નિષ્ક્રમણ ૭) અન્નપ્રાશન ૮) ચૂડાકર્મ ૯) કર્ણવેધ ૧૦) વિદ્યારંભ ૧૧) ઉપનયન ૧૨) વેદારંભ ૧૩) કેશાન્ત ૧૪) સમાવર્તન ૧૫) વિવાહ ૧૬) અંત્યેષ્ટિ

**(૧) ગર્ભાધાન સંસ્કાર**

આર્ય સંસ્કૃતિ અનુસાર માનવીના પ્રત્યેક કર્મ ધાર્મિક માનવામાં આવે છે. આ માટે રામાયણમાં પણ દશરથ રાજા અંગેનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે અને યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવેલું જોવામાં આવે છે.

ममतातप्यमानस्य पुत्रार्थ नास्ति वै सुखम् ।

पुत्रार्थ हयमेधेन यक्ष्यामीति मतिमर्म ॥

ઋતુસ્નાતા સ્નાન કરી ચોથે દિવસે વિમલ થાય છે. અને ગર્ભધારણ માટે યોગ્ય બને છે. બંને પર્વ દિન, શ્રાદ્ધદિન તેમજ મૂળ અને મધા નક્ષત્ર તેમજ પ્રથમ સાત દિન વગેરે વર્જ્ય માનવામાં આવ્યા છે. ઋતુસ્નાતા દ્વારા પોતાના પતિનું મુખાવલોકન થયેથી તેવા ગુણ અને આકૃતિ સંતાનમાં સામાન્ય રીતે આવે છે, એવું શાસ્ત્રમાં કથન છે.

અથર્વવેદના એક સૂક્તના ૧૩ મંત્રોમાં ગર્ભાધાન સંસ્કારોનું વર્ણન છે. ઋગવેદ અને યજુર્વેદમાં પણ ગર્ભની પુષ્ટિ અને દશમાં મહિનામાં સ્વસ્થ બાળકના પ્રસવની પ્રાર્થના કરેલ છે.

આજે આ સંસ્કારનો તદ્દન લોપ થઇ ગયો છે. આજની પરિસ્થિતિના એ વ્યવહારિક નથી. તેથી તેના પર ખાસ ભાર મુકવામાં આવ્યો નથી. છતાં તેની મૂળ ભાવના યથાવત્ છે.

**(૨) પુંસવન સંસ્કાર**

પુંસવન સંસ્કાર એટલે વીર્યવાન અને તંદુરસ્ત સંતાન પેદા કરવા અને ગર્ભ રહ્યા પછી તેનું રક્ષણ કરવાની વિધિ. આમા ગર્ભ રહે ત્યારે બીજા કે ત્રીજા માસે 'પુંસવન સંસ્કાર' કરવો.

पूमान् प्रसूयते येन तत् पुंसवनमीरितम् ।

એટલે પુત્રને જન્મ આપવો એવો અર્થ છે.

ગર્ભધારણ પછી ત્રણ માસ બાદ આ સંસ્કાર કરવામાં આવે છે. અને તે ઘણું કરીને પુરુષ નક્ષત્રો જેવા કે હસ્ત, શ્રાવણ, પુનર્વસુ, મૃગશીર્ષ અને પુષ્ય વગેરેમાં કરવામાં આવે છે. પુંસવન એટલે ગર્ભરક્ષણ. આ પૂજનથી દેવતાઓ પ્રસન્ન થાય છે અને ગર્ભની રક્ષા થાય છે.

આ સંસ્કાર એક વખત કરવામાં આવે છે.

**(3) સીમંતોનયન સંસ્કાર**

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિમાં આ સંસ્કારને 'ખોળો ભરવો' તેમ કહેવામાં આવે છે.

સીમંતનો શાબ્દિક અર્થ થાય છે કે કેશનું વિભાજન કરવું. 'षष्ठेडष्ठमे वा सीमंतोनयनम' એમ યાજ્ઞવલ્ક્ય ઋષિએ કહ્યું છે.

આ સંસ્કાર ગર્ભાધાન પછી છ થી આઠ માસ સુધીમાં કરવામાં આવે છે. ખાસ કરીને જયારે ચંદ્રપુરુષ નક્ષત્ર સાથે હોય ત્યારે આ સંસ્કાર કરવાનો રિવાજ છે. આ સંસ્કારનું સામાજિક મહત્વ વિશેષ છે. ગર્ભવતી અને સંતાનની રક્ષા કાજે આ સંસ્કાર કરવામાં આવે છે.

રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિમાં સાતમાં માસે મહદઅંશે આ સંસ્કાર કરવામાં આવે છે. ત્યારબાદ બીજા દિવસે ગર્ભવતીના પિયરીયા પોતાની દીકરીને પોતાના ઘરે લઇ જાય છે. પ્રથમ સંતાનનો જન્મ ગર્ભવતી પોતાના પિતાને ત્યાં આવે છે. ગર્ભવતીને તેના પિયરીયા પોતાને ઘરે લઇ જાય આ ક્રિયાને 'આણું મોકલ્યા' તેમ કહેવામાં આવે છે.

કેટલીક જ્ઞાતિમાં ગર્ભવતીને માત્ર ખોળો ભરવાનો રિવાજ હોય છે. તેમજ પિયર મોકલતા નથી તેનું પ્રથમ સંતાન સાસરિયામાં જન્મે છે.

આ સંસ્કાર એક વખત જ કરવામાં આવે છે.

**(૪) જાતકર્મ સંસ્કાર**

मनुस्मृति उत्कर्म -

प्राङ्नाभिवर्धनात् पुंसो जातकर्म विधीयते

मंत्रवत्प्राशनग्चास्य हिरण्यमधुसर्पिषाम् ।

એટલે કે આ સંસ્કાર બાળકના નાળછેદન પહેલા જ કરવામાં આવે છે.

આ સંસ્કારનો પ્રયોગ શાસ્ત્રોમાં જેવી રીતે લખ્યો છે તે વર્તમાન સમયમાં સંપૂર્ણ રીતે કરવો મુશ્કેલ છે. જન્મ થયા પછી જે પહેલા સંસ્કાર થાય તે જાતકર્મ સંસ્કાર છે. આ સંસ્કારનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે ગર્ભસ્થશિશુ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

જયારે માતાના રસથી પોતાનું પોષણ કરતો હોય ત્યારે તે આહાર વગેરેના દોષ બાળકમાં આવે છે. આ દોષ આ સંસ્કાર દ્વારા દૂર કરવામાં આવે છે. આ સંસ્કાર કહેવામાં આવે છે કે પુત્ર જન્મ પર જ કરવામાં આવે છે, કન્યા જન્મ પર નહિ.

મહર્ષિ પારસ્કરજીએ પોતાના ગૃહ્યસૂત્રમાં લખ્યું છે 'जातस्य कुमारस्याच्छिन्नायां नाड्यां मेधाजनानायुष्ये करोति ।' (પા. ગુહ્ય ૧/૧૩/૩)

એટલે કે ઉત્પન્ન થયેલ કુમાર (બાળક)ના નાળછેદનના પહેલા જ મેધાજનન અને આયુષ્યકર્મ પિતા કરે છે. મેધાજનનમાં એક પાત્રમાં મધને ઘી સાથે ભેળવી સોનાની સળી વડે તે બાળકને ચટાડે. જો તેમ કરાવવું ન હોય તો માત્ર સુંઘાડે ત્યારપછી પ્રસુતા સ્ત્રી પોતાના બાળકને ધવડાવે.

આમ પિતા આ કાર્ય બાદ આયુષ્યકરણ કર્મ કરે જેનાથી બાળક દીર્ઘાયુ બને. આ ક્રિયા મંત્રો દ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ બાળકનું નાળછેદન કરવામાં આવે. આમ આવી રીતે જાતકર્મ સંસ્કારનું કાર્ય પૂર્ણ થાય છે. આમ, બાળક પવિત્ર, ગૌરવપૂર્ણ, ધનધાન્યવાળો અને વીર થાય તેવી કામનાથી આ સંસ્કાર કરવામાં આવે છે.

**(૫) નામકરણ સંસ્કાર**

નામકરણ ક્યારે કરવું તે માટે ઘણો મતભેદ છે. શતપથ બ્રાહ્મણ તથા પતંજલીનું મહાભાષ્ય પુત્રના જન્મ બાદ તુરંત દુષ્ટ કર્મોના નાશ માટે અથવા ભૂતપ્રેતાદિને દૂર કરવા કે ખરાબ અસરો નષ્ટ કરવા તુરત નામ આપવા જણાવે છે. બૌધાયન ગુહ્યસૂત્ર ૧૦ કે ૧૨મો દિવસ સૂચવે છે.

આ જન્મ પછી ૧૧માં દિવસે કે ૧૦૧ દિવસે કે બીજા વર્ષના શરૂઆતમાં કરી શકાય છે. યજુર્વેદ, મંત્ર બ્રાહ્મણ અને ગોભિલ ગૃહ્યસૂત્રમાં આનું વિસ્તૃત વર્ણન છે. અથર્વવેદમાં સંકેત છે કે બાળકનું એવું નામ રાખવું જેથી બાળકમાં તેજસ્વીતા, વીરતા અને અજેયત્વ વગેરેના ગુણ આવે.

હાલમાં બારમાં દિવસે ઘરના વડીલ કે ફઇબા જયારે આવે ત્યારે ચોક્કસ નામ બાળકને અપાય છે. આ માટે બાળકના જન્મ સમયે જે રાશી આવેલ હોય તે રાશી મુજબ, શુભ ચોઘડિયે, શુભ દિવસે અર્થવાળું નામ રાખવામાં આવે છે.

**(૬) નિષ્ક્રમણ સંસ્કાર**

બાળકના જન્મથી ત્રીજા અથવા ચોથા મહિનામાં બાળકને સૌ પ્રથમ ઘરની બહાર લઇ જવામાં આવે છે. અને બહાર લઇ જતા પહેલા જે વિધિ કરવામાં આવે છે તેને નિષ્ક્રમણ સંસ્કાર કહેવામાં આવે છે. ચોથ, નોમ, ચૌદશ, અમાસ, બારસનો ત્યાગ કરવો. બુધ, ગુરુ, શુક્ર આ વારો તથા શુભ નક્ષત્રના દિવસે આ વિધિ કરાય છે.

આ સંસ્કારનું રૂપ બાળકને ઘરની બહાર લાવીને સૂર્યના દર્શન કરાવવાનો છે.

'अथ निष्क्रमणं नाम गृहात्प्रथम निर्गम:' એટલે આનો અર્થ એ થાય છે કે નિષ્ક્રમણ કાર્ય પહેલા બાળકને ઘરની અંદર જ રાખવું જોઈએ. આનુ કારણ એ છે કે ત્યારે બાળકની આંખો કોમળ હોય છે. જો બાળકને તરત જ સૂર્યના તીવ્ર પ્રકાશમાં લઇ જવામાં આવે તો બાળકની આંખો પર ખરાબ પ્રભાવ પડે. ભવિષ્યમાં તેની આંખોની શક્તિ કાં તો ધીમી રહે કાં તો જલ્દી નાશ પામે એટલે ભારતીય સ્ત્રી પોતાના બાળકને અરીસો પણ દેખાડતી નથી. કારણકે અરીસાની ચમક બાળકના આંખ પર પડે.

VIDHYAYANA

Vidhyayana - ISSN 2454-8596

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

નિષ્ક્રમણ સંસ્કાર પ્રસંગે સૂર્યને ખીરની આહુતિ અપાતી હતી. અને બાળકને સૂર્યની સામે ધરીને મંત્રોચ્ચાર થતો હતો. ગોભિલે ચંદ્ર દર્શન જન્મ પછી ત્રીજા શુક્લ પક્ષની તૃતીયાને દિવસ કરાવવાનું સૂચવ્યું છે. યમ, સૂર્ય અને ચંદ્ર દર્શન ત્રીજા અને ચોથા માસ દરમિયાન કરાવવા સૂચવે છે.

**(૭) અન્નપ્રાશન સંસ્કાર**

બાળકને જયારે દૂધ વગેરે પેય પદાર્થ ઉપરાંત અન્ન આપવાની શરૂઆત કરવામાં આવે છે ત્યારે તે શુભારંભ યજ્ઞીય વાતાવરણમાં ધર્માનુષ્ઠાન ના રૂપમાં થાય છે. જેને અન્નપ્રાશન સંસ્કાર કહેવામાં આવે છે. બાળકને દાંત આવતા એને અન્ન આપવામાં આવે છે. આમ અન્નપ્રાશન સંસ્કાર લગભગ ૬ માસની ઉંમરે કરવામાં આવેછે.

આયુર્વેદના ગ્રંથોમાં પહેલીવાર અન્ન સેવન કરવા આ જ સમય આપ્યો છે.

"षण्मासं चैनमन्नं प्राशयेल्लघु हितं च ॥" (સુશ્રુત, શરીર ૧૦/૪૯)

કુમાર કે કન્યા બંને માટે અન્નપ્રાશન સંસ્કાર માટે આ જ સમય બતાવ્યો છે.

બાળકને પેય પદાર્થમાંથી અન્ન પર લાવતા પહેલા લેહ્ય એટલે કે ચાટવા યોગ્ય ખીર આપવામાં આવે છે. આ પેય અને ખાદ્ય વચ્ચેની સ્થિતિ છે. અર્થાત એની ઉમર, પાચનશક્તિ તથા જરૂરીયાતને ધ્યાનમાં રાખીને જ આહારની પસંદગી કરવી જોઈએ.

ખીરની સાથે મધ, ઘી, તુલસીદલ તથા ગંગાજળ ભેળવવામાં આવે છે. આ બધા પૌષ્ટિક, રોગનાશક, પવિત્ર તથા આધ્યાત્મિક ગુણો વધારનારા છે. વિશેષ રૂપે ખીર સુપાચ્ય તથા સમતોલ આહાર છે. પાત્રમાં બધી વસ્તુઓ મંત્રોચ્ચાર સાથે ભેળવવામાં આવે છે. ત્યારબાદ બાળકની માતા પૂર્વાભિમુખ બેસી તેના ખોળામાં

બાળકને બેસાડીને સોનાની કે ચાંદીની ચમચી વડે એકવાર પહેલા 'हन्त' મંત્ર વડે ખવડાવે ત્યારબાદ થોડું થોડું પાંચ વખત મૌન થઈને મંત્ર વગર જ ખવડાવે છે. તેના પછી ચોખા પાણીથી બાળકનું મુખ ત્રણ વખત સાફ કરે છે. ત્યારબાદ બાળકને આશીર્વાદ આપવામાં આવે છે.

આમ અન્નનો શરીર સાથે ઊંડો સંબંધ છે. મનુષ્યો અને પ્રાણીઓનો મોટાભાગનો સમય આહારની વ્યવસ્થા પાછળ જ ખર્ચાતો હોય છે. માટે આહારનું મહત્વ સમજીને એને સુસંસ્કારયુક્ત બનાવીને લેવો જોઈએ. આ જ અન્નપ્રાશન સંસ્કાર કહેવામાં આવે છે.

**(૮) ચૂડાકર્મ (ચૌલ) સંસ્કાર**

ચૂડા એટલે કેશ ગુચ્છ. સંતાનનું મુંડન કરાવ્યા પછી તેના માથા પર જે કેશ રાખી મુકવામાં આવે છે તેને શિખા-ચોટલી અથવા ચૌલ કહેવામાં આવે છે. આ સંસ્કાર જન્મ પછી ત્રીજા અગર પાંચમાં વર્ષમાં કુટુંબની પ્રથા અનુસાર કરવામાં આવે છે. ઉપનયન સમયે પણ આ સંસ્કાર કરવામાં આવે છે. શિખા માટે કેટલા વાળ રાખવા તે બાબતમાં મંતવ્ય ન હોવા છતા પ્રવરની સંખ્યા જેટલા અથવા કુલધર્મ અનુસારવાળા શિખામાં રાખવાનો રિવાજ છે. શાસ્ત્રાનુસાર માથે શિખા ન હોય તેવી વ્યક્તિ કોઇપણ ધાર્મિક કાર્ય કરી શકે નહિ. તેમ છતા પશ્ચિમના દેશોના રિવાજોના અનુસરણ મુજબ હાલમાં આ રિવાજ લુપ્ત થઇ રહ્યો છે. અને ફક્ત ચુસ્ત બ્રાહ્મણો પુરતો મર્યાદિત રહ્યો છે. જન્મ સાથેના વાળ અપવિત્ર માનવામાં આવતા હોવાથી તે કુલાચાર અનુસાર કાઢી નાખવામાં આવે છે.

આ સંસ્કાર એટલા માટે મહત્વપૂર્ણ છે કે માનસિક વિકાસ તથા સંરક્ષણ પર આ વખતે વિશેષ વિચાર કરવામાં આવે છે. અને એ કાર્યક્રમને શિશુ પોષણ સાથે જોડી દેવામાં આવે છે કે જેથી તેનો માનસિક વિકાસ વ્યવસ્થિત રીતે શરૂ થાય. ચોરાસી લાખ યોનીઓમાં ભ્રમણ કરતા રહેવાના કારણે મનુષ્ય એવા કેટલાક

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પાશવી સંસ્કાર, વિચાર, મનોભાવ પોતાની સાથે લઈને આવે છે કે જે માનવજીવનમાં યોગ્ય અને અનિચ્છનીય માનવામાં આવે છે. એ દૂર કરીને એના બદલે માનવીય આદર્શોની સ્થાપના કરવાનું કાર્ય એટલુ મહાન અને જરૂરી છે કે જો ન થઇ શકે તો એમ કહેવું જોઈએ કે આકૃતિ જ માત્ર મનુષ્યની છે જયારે પ્રવૃત્તિ તો પશુ જેવી છે. માટે મુંડન સંસ્કારના માધ્યમથી પોતાના બાળક માટે એના માતાપિતા તથા વડીલોએ એવી યોજના બનાવવી જોઈએ કે જેથી એને પાશવી સંસ્કારોમાંથી મુક્ત કરી શકાય તથા એનામાં માનવીય આદર્શોનું સિંચન કરી શકાય.

चूडाकर्म द्वीजातीनां सर्वेषामेव धर्मतः ।
प्रथमेऽब्दे तृतीये वा कर्तव्यं श्रुतिचोदनात् ॥

(મનુસ્મૃતિ ૨/૩૫)

મનુજીએ આ સંસ્કારના વિષયમાં કહ્યું છે કે જન્મથી પ્રથમ કે ત્રીજા વર્ષમાં બાળકનું ચૂડાકર્મ કરવું જોઈએ.

મુંડન સંસ્કાર કોઈ દેવમંદિર કે તીર્થસ્થળે શુભદિને, શુભ મુહુર્તે કરવામાં આવે છે. કારણ કે દેવ મંદિર કે તીર્થસ્થળ ના દિવ્ય વાતાવરણનો લાભ મળી શકે યજ્ઞ જેવા ધાર્મિક કર્મકાંડો દ્વારા આવા શુભ કાર્યો માટે દેવીશક્તિઓનો સહયોગ પ્રાપ્ત કરી શકાય છે.

પ્રાચીનકાળમાં પહેલીવાર વાળ ઉતારવાનું કામ પુરોહિત જ કરતા હતા. આજ એમને આ કામ આવડતું નથી તેથી એ કામ વાણંદ પાસે કરાવી શકાય. વાળંદ દ્વારા મુંડન કરેલા બાળકને સ્નાન કરાવીને ફરીથી યજ્ઞસ્થળે લાવવામાં આવે છે. શિખા પૂજન, સ્વસ્તિક લેખન અને આશીર્વાદ પછી વાળનું વિસર્જન કરવામાં આવે છે.

**(૯) કર્ણવેધ સંસ્કાર**

બાળકના કાન વીંધવાની વિધિ છે. આ રીતે કાનની નસો વીંધવાથી ઘણા રોગથી મુક્ત રહે છે.

વ્યાસસ્મૃતિમાં આ સંસ્કારની સોળ સંસ્કારમાં ગણના કરી છે અને જણાવ્યું છે કે,

कृतचुडं च बाले च कर्णवेधो विधीयेत ।

(વ્યાસ સ્મૃતિ ૧/૧૯)

એટલે કે જેનું ચૂડાકરણ થઇ ગયું હોય તે બાળકનું કર્ણવેધ કરવું જોઈએ. દીર્ઘાયુ પ્રાપ્તિ માટે કર્ણવેધ સંસ્કારના શાસ્ત્રોમાં વિશેષ પ્રશંસા કરી છે.

કાનની બુટી જન્મ પછી સામાન્ય રીતે બારમાં દિવસે વીંધવામાં આવે છે. બૌધ્ધાયન ગૃહ્યસૂત્રમાં સાતમાં કે આઠમાં માસમાં કર્ણવેધ કરવાનું સૂચવ્યુ છે. બૃહસ્પતિએ ૧૦, ૧૨ કે ૧૬માં દિવસે અથવા જન્મથી સાત કે દસમે મહિનામાં કર્ણવેધ કરવા સૂચવ્યું છે. અગાઉ આ વિધિ પિતા કરતા હતા અને આ વિધિ બાદ બ્રહ્મભોજન કરાવાતું હતું. હાલ સોની કાન વીંધે છે.

શુભ મુહુર્ત અને નક્ષત્રમાં સ્વસ્તિવાચન કરીને બાળકને માતાના ખોળામાં બેસાડીને બાળકના બંને કાન વીંધવામાં આવે છે જો પુત્ર હોય તો પહેલા જમણો કાન વીંધવામાં આવે અને પુત્રી હોય તો પહેલા ડાબો કાન વીંધવો જોઈએ. ત્યારબાદ કાનનું છિદ્ર સરખું થઇ જાય પછી સોનાનું કુંડળ કે કડી પહેરાવી જોઈએ. સોનાના સ્પર્શથી બાળક સ્વસ્થ સને દીર્ઘાયુ થાય છે.

**(૧૦) વિદ્યારંભ સંસ્કાર**

વિદ્યારંભ સંસ્કાર દ્વારા બાળકમાં એવા મૂળ સંસ્કારોની સ્થાપના કરવામાં આવે છે કે જેના આધારે તેની શિક્ષણ માત્ર માહિતી ન બની રહે પરંતુ જીવનનિર્માણ કરનારી હિતકારી વિદ્યાના રૂપમાં વિકસિત થાય.

ત્રીજા અને આઠમાં વર્ષ વચ્ચે બારાખડી અને ગણિત શિખવાતુ હતું. ત્યારબાદ આઠમાં વર્ષે ઉપનયન વિધિ બાદ વેદ વગેરેનો અભ્યાસ થતો હતો. ગૃહ્યસૂત્રો અને ધર્મશાસ્ત્રોમાં આનો ઉલ્લેખ નથી. મહર્ષિ માર્કંડેયજીનું વચન છે કે

प्राप्तेडथ पंचमें वर्षे विद्यारम्भ तुं कार्येत ।

એટલે પાંચમાં વર્ષે વિદ્યારંભ સંસ્કાર કરવામાં આવે છે.

લોકો આ સંસ્કારને 'પાટીપૂજન' ના નામથી પણ ઓળખે છે.

વિદ્યારંભ માટે જન્મથી પાંચમાં વર્ષમાં કાર્તિક માસ શુક્લ એકાદશી પછીથી અષાઢ માસ શુક્લ એકાદશી સુધીમાં કોઇપણ દિવસે પરંતુ પડવો, પૂનમ, ચૌદશ, અમાસ વગેરે દિવસ તેમજ શનિવાર અને મંગળવાર સિવાયના દિવસે વિદ્યારંભ સંસ્કાર કરવા જોઈએ. આ દિવસે અધ્યાપક પૂર્વ દિશામાં બેસી તેમજ વિદ્યાર્થીએ પશ્ચિમ દિશામાં બેસી, ગુરુ તેમજ બ્રાહ્મણના આશીર્વાદ મેળવી વિદ્યારંભ કરવો જોઈએ. એ દિવસે સરસ્વતી માતા તેમજ ગણપતી પૂજન તેમજ ગુરુની પૂજા અને સત્કાર કરવામાં આવે છે.

પાટીમાં બાળકના હાથે ૐ ભુર્ભૂવ: સ્વ: લખાવવું. ૐ પરમાત્માનું સર્વશ્રેષ્ઠ નામ છે. ભૂ: ભુવ: સ્વ: ના આમ તો અનેક અર્થ છે પરંતુ વિદ્યારંભ સંસ્કારમાં એમનો ગુણવાચક અર્થ જ ધ્યાનમાં રાખવાનો છે. ભૂ: નું તાત્પર્ય શ્રમ, ભુવ: નું સંયમ અને સ્વ: નું વિવેક છે. શિક્ષણનું પ્રયોજન આ ત્રણ મહાન પ્રવૃત્તિઓને જાગૃત

કરવાનું છે. ત્યારબાદ વર્ણાક્ષરો પણ લખવા. અક્ષર લેખન પર ફૂલ, ચોખા ચઢાવીને તેનું પૂજન કરવું.

આમ આ સમારોહ દ્વારા બાળકમાં જ્ઞાન મેળવવાનો ઉત્સાહ પેદા કરવામાં આવે છે. ઉત્સાહભર્યા મનમાં દેવપૂજન તથા યજ્ઞના સંયોગથી ઈચ્છિત સંસ્કારોના બીજ વાવી શકાય છે.

**(૧૧) ઉપનયન સંસ્કાર (યજ્ઞોપવિત સંસ્કાર)**

ઉપ + નયન એટલે પાસે લઇ જવું તે. ગુરુ અથવા આચાર્ય પાસે બટુકને લઇ જવાનો વિધિ. આચાર્ય શિષ્ય પાસે એવું બોલાવડાવે છે કે સવિતા, દેવતા દ્વારા પ્રેરિત મને બ્રહ્મચારી થવા દો. આ એક મહત્વપૂર્ણ સંસ્કાર છે. અને તે એક એવા શિષ્ય માટે કે જે વિદ્યાપ્રાપ્ત કરવા માંગતો હોય તેને ગાયત્રીમંત્ર શીખવી આ સંસ્કાર કરવામાં આવે છે.

ઉપનયન સંસ્કાર માટે બ્રાહ્મણ કુમારની ઉમર આઠમાં વર્ષમાં, ક્ષત્રિય માટે ૧૧ માં વર્ષે અને વૈશ્ય માટે ૧૨ માં વર્ષમાં આ સંસ્કાર આપવાનું ઉચિત માનવામાં આવ્યું છે. જયારે આ અવધી પૂરી થઇ જાય અને આ સંસ્કાર આપી શકાય નહિ તો ગૌણ કાલ દરમિયાન તેમ જ કુલધર્મ અનુસાર આપવા જોઈએ.

ઉત્તરાયણમાં મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ,જેઠ મહીનાનમાં અજવાળીયામાં ગુરુ શુક્રનો અસ્ત ન હોય ત્યારે રિક્તા તિથિનો ત્યાગ કરીને બાળકનો ગુરુ બળવાન હોય ત્યારે યજ્ઞોપવિત વિધિ કરવી. અંધારિયામાં બીજ-ત્રીજ-પાંચમ, છઠ, સાતમ લઇ શકાય. અત્યારના સમયમાં યજ્ઞોપવિત વિધિ બહુ જ સંક્ષિપ્ત થઈ ગઈ છે. અને દિકરા કે દિકરીના લગ્ન પ્રસંગે યજ્ઞોપવિત ટૂંકમાં જ આપી દેવામાં આવે છે જેથી મુહુર્ત જોવાનો સમય જ હોતો નથી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

બ્રાહ્મણ કુળમાં જનોઈનું ખુબ જ મહત્વ છે. બ્રાહ્મણ કુળમાં કુમારને જ આ સંસ્કાર આપવામાં આવે છે. બ્રાહ્મણ કુળનો બાળક જનોઈના સંસ્કાર કર્યા પછી તેને દ્વિજ ગણાય છે. અને તેને વૈદિક કર્મ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તેથી બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત ધારણ કરવી જોઈએ. આ જનોઈની લંબાઈ નાભી સુધી પહોંચે તેટલી હોવી જોઈએ અને ત્રણ સૂત્રો મૂળ નવ તાંતણાને વણીને બનવવા જોઈએ. ૐકાર, અગ્નિ, નાગ, સોમ, પિતૃઓ, પ્રજાપતિ, વાયુ, સૂર્ય અને વિશ્વદેવતા: નાં નવ તંતુઓ સાથે સંલગ્ન છે.

મનુસ્મૃતીએ બ્રાહ્મણની જનોઈ સુતરાઉ હોવી જોઈએ એમ જણાવ્યું છે. સંન્યાસી અને બ્રહ્મચારી માટે એક યજ્ઞોપવિતની જરૂર છે જયારે સ્નાતક અને ગૃહસ્થ માટે બે યજ્ઞોપવિત પહેરવાની અને દીર્ઘાયુષ્યની ઇચ્છાવાળા બે કરતા વધારે યજ્ઞોપવિત પહેરવાની સૂચના છે. વશિષ્ઠ અને બૌદ્ધાયન ધર્મસૂત્રમાં કાયમ જનોઈ પહેરવાની સૂચના છે. એટલે જનોઈ પહેરવાનો તથા ચોટલીની ગાંઠ મારવાનો રિવાજ ઈ.સ. પૂર્વેનો જણાય છે.

सदोपवीतिना भाव्यं सदा बद्धशिखेन च ।

विशिखो व्युपवीतश्च यत् करोति न तत्कृतम ॥

(કાત્યાયન સ્મૃતિ ૧/૪)

અર્થાત યજ્ઞોપવિત (જનોઈ) હંમેશા ધારણ કરવી જોઈએ અને શિખા ચોટી) ઓમકારરૂપિણી બાંધી રાખવી જોઈએ. - શિખા - સૂત્ર (ચોટી અને જનોઈ) વગર થઇને જે પણ કાર્ય કરવામાં આવે છે તે નિષ્ફળ બને છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- **યજ્ઞોપવિત વિધિ**

યોગ્ય મુહૂર્તના આગલા દિવસે કે તે જ દિવસે મંડપરોપણ, બટુકને પીઠી માળા રોપણ વગેરે લૌકિક કાર્ય કરવામાં આવે છે. પ્રાયશ્ચિત કર્મ કરી બાળકને મુંડન કરાવીને શિખા રાખવામાં આવે છે. ત્યારબાદ સ્નાન કરાવી મંડપ નીચે માતાપિતા સાથે પૂર્વાભિમુખ બેસી દિગ્રક્ષણ થી ગ્રહયજ્ઞ સુધીનો તમામ વિધિ કરાવી ફરી બટુકને નવડાવી આચાર્ય પાસે લાવવામાં આવે છે અને મંત્રોચ્ચાર કરવામાં આવે અને મેખલા પહેરાવવામાં આવે ત્યારબાદ યજ્ઞોપવિતનું પ્રક્ષાલન કરી તેની ગાંઠોનું પૂજન કરી બ્રહ્મા વિષ્ણુ રુદ્રનું ગ્રંથી દેવનું તે ગાંઠ પર આવાહન પૂજન કરીને યજ્ઞોપવિતનાં નવતંતુઓનું તેના અધિષ્ઠાતા દેવનું આવાહન કરીને પૂજન કરવામાં આવે છે. ત્યારબાદ યજ્ઞોપવિત હાથમાં રાખી ૧૦ ગાયત્રી મંત્ર નું અભિમંત્રણ કરી બટુકને યજ્ઞોપવિત હાથમાં આપે અને બટુકને યજ્ઞોપવિત સૂર્યનારાયણને બતાવી ડાબા ખભા પર ધારણ કરે છે. મંત્રોચ્ચાર કર્યા બાદ આચાર્ય બટુકના કાનમાં ગાયત્રી મંત્રનો ઉપદેશ આપે ત્રણ વખત ગાયત્રી મંત્ર બોલાવે છે.

ત્યારબાદ ફરી મંત્રોચ્ચાર વગેરે વિધિ થયા બાદ બટુકને આશીર્વાદ આપવામાં આવે છે. ત્યારબાદ બટુક આચાર્ય દ્વારા પ્રેરાયેલ બટુક હાથમાં કપડાની જોડી અને દંડ લઈને ભિક્ષા માગવા માટે જાય છે. લોકાચાર પ્રમાણે ભિક્ષામાં ચોખા, પાપડ લાડુ વગેરે બટુકની માતા અને ચાર-પાંચ સગા વ્હાલા પીરસે છે. ત્યારબાદ કાશીયાત્રા નીકળે છે.

પહેલાના સમયમાં બટુકને જનોઈ આપ્યા પછી બટુક પોતાના ગુરુને ત્યાં અભ્યાસ કરવા માટે જતો. પરંતુ હવે આ વિધિ ગૌણ બની ગઈ છે. માત્ર ઔપચારિક વિધિ કરવામાં આવે છે. બટુકને ચોરા સુધી અથવા ચાર ચોક સુધી લઇ જવાય છે અને ત્યાંથી બટુક દોડે અને તેના મામા તેને શોધીને પકડીને પોતાના ખભા પર બેસાડીને પાછા ઘર સુધી લાવે છે. આ વિધિ લૌકિક છે.

આ જનોઈ પહેર્યા પછી અમુક નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડે છે. જનોઈ પવિત્ર હોવાથી મળ-મૂત્રનો ત્યાગ કરતી વખતે જમણા કાનમાં જનોઈ વીંટવી પડે કારણકે જમણા કાનમાં રુદ્ર, આદિત્ય, વસુ વગેરે દેવતાઓનો વાસ હોવાથી જનોઈ અપવિત્રતામાંથી મુક્ત રહે છે. ત્યારબાદ જનોઈ તૂટી જાય, જન્મ સૂતક હોય, મૃત સૂતક હોય, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, શ્રાદ્ધકર્મ વગેરે સમયમાં યજ્ઞોપવિત બદલાવવી પડે છે અને નવી જનોઈ ધારણ કરવી જોઈએ.

આમ, ઉપનયન સંસ્કાર સોળ સંસ્કારોમાં ખુબ જ મહત્વ ધરાવે છે.

**(૧૨) વેદારંભ સંસ્કાર**

આ સંસ્કાર ઉપનયન સંસ્કાર આપવાના દિવસે જ વેદારંભ સંસ્કાર કરવામાં આવે છે. વેદારંભ - આ નામથી જ સ્પષ્ટ છે કે આ સંસ્કારમાં આચાર્ય દ્વારા બ્રહ્મચારીને પોતાની વેદશાખાનું જ્ઞાન અને મંત્રોપદેશ કરવામાં આવે છે.

પ્રાચીનકાળમાં શિષ્ય ગુરુને ઘરે વેદાભ્યાસ માટે જતો હતો. ગુરુની પાસે રહીને જ તમામ શિક્ષા પ્રાપ્ત કરતો હતો. તે કાળમાં ગુરુનું મહત્વ આજના સમય કરતા ઘણું વિશેષ હતું.

उपनीय गुरुः शिष्यं महाव्याह्यतिपूर्वकम् ।

वेदमध्यापयेदेनं शौचाचाराँश्च शिक्षयेत् ॥

અર્થાત ગુરૂ (આચાર્ય) કુમારનું ઉપનયન કરીને મહાવ્યાહૃતિઓની સાથે વેદનું અધ્યયન કરાવે અને શૌચ, આચારની શિક્ષા પણ પ્રદાન કરે. આમ ઉપનયન પછી આચાર્ય શિષ્યને વેદાધ્યયન ઉપરાંત શૌચ, આચાર, નિત્યકર્મ વગેરેના નિયમોની શિક્ષા આપતા હતા.

વેદારંભ સંસ્કાર ઉપનયન સંસ્કારના સમયમાં પૂર્ણ થઇ ગયો હોય તો ફરી કરવાની જરૂર હોતી નથી. વેદારંભ સંસ્કારમાં આચાર્ય શિષ્ય પાસે ગણેશજી, સરસ્વતી વગેરે દેવોનું પૂજન કરાવી અગ્નિ સ્થાપના કરી તેનું પૂજન કરી મંત્રોચ્ચાર સાથે હવન વિધિ કરવામાં આવે છે. અને ચારેય વેદો માટે આહુતી અપવામાં આવે છે. ત્યારબાદ નવ આહુતી આપવામાં આવે છે. ત્યારબાદ ગુરુનું પૂજન કરવામાં આવે છે. ત્યારબાદ દેવોનું પૂજન કર્યા બાદ ગાયત્રી મંત્ર વાંચીને પોતાની વેદની શાખાનો આરંભ કરે તેમજ તે પછી બીજા વેદોની પણ શિક્ષા આચાર્ય પાસેથી મેળવે. છેલ્લે પ્રણવપૂર્વક ફરીથી ગાયત્રી નો પાઠ કરી ગુરુ દ્વારા "ॐ विरामोङस्तु' એવું કહેવા પર શિષ્ય ગુરુના ચરણોને પ્રણામ કરી વિરામ કરે અને આચાર્ય દ્વારા અધ્યયનના નિયમોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

**(૧૩) કેશાન્ત સંસ્કાર**

આ સંસ્કારનો વેદવ્રતોમાં ઉલ્લેખ થયો છે. પારાશર, ગૃહ્યસૂત્ર, યાજ્ઞવલ્ક્ય અને મનુ કેશાન્ત શબ્દનો પ્રયોગ કરે છે, જયારે આશ્વલાયન, ગૃહ્યસૂત્ર, શાખાયન, ગોભિલ વગેરે ગૃહ્યસૂત્ર ગોદાનનો તેને બદલે પ્રયોગ કરે છે. केशान्त: षोडशे वर्षे ब्राह्मणस्य विधीयते । આમ, સામાન્ય રીતે આ સંસ્કાર સોળમાં વર્ષે કરતો હતો. તેમ છતા ૧૮,૨૨,૨૪માં વર્ષે કરવા શાખાયન અને મનુએ સૂચવ્યું છે. લઘુ આશ્વલાયન સોળમાં વર્ષે અથવા લગ્ન વખતે આ સંસ્કાર કરવા કહે છે. ઉપનયન સંસ્કાર સોળ વર્ષ પછી કરવામાં આવે તો ગોદાન સંસ્કાર કરવાની જરૂર નથી એવો વિશ્વરૂપનો મત છે. કેશાન્તનો અર્થ દાઢી કરવી એવો પણ કરાય છે. વાળ કપાવ્યા બાદ સાંજના ગુરુ પાસે જઈ મૌનનો ભંગ કરી 'હું આપને ભેટ આપું છું' એમ કહીને બે ગાયોની ભેટ અપાય છે. આમ એક વર્ષ તપ કરવાનું સૂચવ્યું છે.

આમ અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી બટુક બ્રહ્મચર્ય અવસ્થામાં રહે, કેશ વધારે અને અભ્યાસ પૂર્ણ થાય ત્યારે ગુરુના ઘરે જ તેના કેશાંત સંસ્કાર થાય છે, તેની જટા ખોલવામાં આવે છે. આ સંસ્કાર બાદ શિષ્ય ભેટ રૂપે ગુરુને ગાયો આપે છે. એટલે જ કદાચ આ સંસ્કારને ગોદાન સંસ્કાર પણ કહેવામાં આવતો હશે.

**(૧૪) સમાવર્તન સંસ્કાર**

આ સંસ્કારને સ્નાન સંસ્કાર પણ કહેવાય છે. વેદાધ્યયન પછી ગુરુને ઘરેથી તેઓની આજ્ઞા અનુસાર પાછા ફરી ગુરુને દક્ષિણા વગેરે આપી સ્નાન કરવામાં આવે છે તેને સમાવર્તન સંસ્કાર કહેવામાં આવે છે. હાલમાં આ સંસ્કાર થતો કવચિત જ જોવા મળે છે. આ સંસ્કાર પછી દ્વિજ ગૃહસ્થી બનવાને પાત્ર ગણાય છે.

કેટલાક સ્નાન અને સમાવર્તનના સંસ્કારો અલગ છે એમ માને છે. વેદનો અભ્યાસ પૂર્ણ થયા બાદ ગુરુનું ગૃહ છોડી દેતા પહેલા આ સંસ્કાર કરવામાં આવે છે. 'સ્નાનવિધિ' વિદ્યાર્થી અવસ્થાનો અંત સૂચવે છે. જે માણસ સમગ્ર જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળવા ઈચ્છતો હોય તેના માટે આ સંસ્કાર કરવાની જરૂર નથી. આમ, સમાવર્તનનો ગુરુ ગૃહથી પોતાને ઘરે પાછા ફરવું થાય છે. જો પિતા પાસે પુત્ર ભણતો હોય તો આ સંસ્કાર કરતો નથી. અને ત્યારબાદ અભ્યાસ પૂર્ણ થયો હોય તો લગ્ન કરી શકે છે.

આ સંસ્કાર સ્નાન પછી તેને ભિક્ષા માંગવાનો અધિકાર રહેતો નથી અને તે સ્નાતક કહેવાય છે. સ્નાતક માટે કેટલાક નિયમોનું પાલન કરવાનું આવશ્યક ગણાયું છે. હાલમાં દિક્ષાન્ત પ્રવચનો આપ્યા છે તેમાં જે ઉદ્બોધન થાય છે એના કરતા આ જુદું હોય છે. અને તેમાં વ્રતોના પાલનનું વિશેષ મહત્વ હોય છે.

- અનધ્યાયને દિવસે વેદોનું અધ્યયન ન કરવું.
- શરીર શુદ્ધિ અંગેના નિયમોનું પાલન કરવું.
- ભક્ષ્ય-અભક્ષ્ય અંગેના નિયમોનું પાલન કરવું.
- આચમન મહાયજ્ઞ વગેરેનું પાલન કરવું.

- પવિત્રતાના નિયમો જેવાકે સ્નાન, ચંદન, આત્મસંયમ વગેરેનું આચરણ કરવું વગેરે નિયમોનું પાલન કરવું પડતું અને આ વિકલ્પે પ્રાયશ્ચિત કરવું પડતું હતું.

બ્રહ્મચર્ય વ્રત પૂર્ણ કરનારનો આ ઉપદેશ અને વ્રતોનું પાલન જગતના સંસ્કાર સાહિત્યમાં અનન્ય ગણાય છે. સ્નાતકોના સદગુણો જેવા કે બ્રહ્મચર્ય વ્રતથી સંયમ, ભિક્ષાથી નમ્રતા, વેદાધ્યયનથી વિવેક તેમજ જીવન માટે શક્તિ અને યોગ્યતા વગેરે ગુણો પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી જયારે ગૃહસ્થી બને છે ત્યારે તે વિદ્વાન સમાજમાં મન અને આદરને પાત્ર બને છે અને સમાજના નજરાણા સમાન છે.

**(૧૫) વિવાહ સંસ્કાર**

આ માટે ઉદ્વાહ, વિવાહ, લગ્ન, પરિનયન, ઉપમય અને પાણીગ્રહણ વગેરે શબ્દો વપરાય છે. વિવાહનો હેતુ યજ્ઞ કરવા માટે તથા વંશવિસ્તાર માટે પુત્ર પ્રાપ્તિ માટે ઋગવેદમાં જણાવાયેલ છે. કુળ, સારું ચારિત્ર્ય, શુભ ચિહ્નોથી અંકિત, વિદ્વાન અને તંદુરસ્ત વ્યક્તિને કન્યા આપવા માટે પસંદ કરવા શાસ્ત્રોએ જણાવેલ છે. કન્યાની પસંદગીમાં સારું કુળ તથા રોગવિહીન હોય તે જરૂરી છે. વેદના કાળમાં અભ્યાસ પૂર્ણ થયાબાદ ૨૦ વર્ષ પછી લગ્ન કરી શકાતા હતા. જેઓ પાપાચરણવાળા હોય અગર કુષ્ઠતાથી પીડાતા હોય તેવા કુટુંબમાં વિવાહ વર્જ્ય ગણવામાં આવે છે. બંને પક્ષોનું એક જ ગોત્ર હોય તો તે માટે અયોગ્ય ગણાય છે. જયારે પ્રવર અંગે ખાસ ધ્યાન રાખવામાં આવતું નથી. સમાન વિદ્યા અને સમાજમાં સ્થાન હોય તેને યોગ્ય ગણવામાં આવે છે. ધન, બુદ્ધિ, કુળ અને સૌન્દર્યને પ્રાધાન્ય આપવામાં આવે છે. કન્યાની ઉમર વર કરતા થોડી ઓછી હોવી જોઈએ. અને સમાન જાતી યોગ્ય ગણવામાં આવે છે.

આપસ્તંભ ગૃહ્યસૂત્ર અનુસાર કન્યા સપિંડ એટલે વરની માતાના સંબંધી કુળની હોવી જોઈએ નહી. પિતાની સાત પેઢી અને માતાની પાંચ પેઢી સુધી સપિંડમાં પ્રતિબંધ ઉચિત ગણાય છે. પુરુષ પોતાની ઇચ્છાનુસાર જીવનભર અવિવાહિત રહી શકતો પરંતુ વર્તમાનકાળમાં છોકરીઓ માટે તેવું રહેવું યોગ્ય ગણવામાં

આવતું નથી.

પ્રાચીનકાળમાં વેદાધ્યયન બાદ પુરુષ વિવાહ માટે યોગ્ય ગણવામાં આવતો. સામાન્ય રીતે પુત્રને ઉપનયન ૮માં વર્ષે આપવામાં આવતું અને ત્યારબાદ બારમાં વર્ષે શરૂઆત કરી બાર વર્ષ સુધી વેદાધ્યયન કરી તે ઘેર પાછો આવતો એટલે ૨૪ વર્ષ પછી વિવાહ માટે યોગ્ય ગણાતો કન્યા તેવી રીતે ૨,૩,૫ અથવા તેથી વધુ વર્ષ ઓછી ઉમરની હોતી.

પ્રાચીનકાળમાં અનુલોમ વિવાહ સમાજમાં સ્વીકાર્ય રહેતો. પરંતુ પ્રતિલોમ વિવાહને સમજમાં માન્યતા મળતી ન હતી. પરંતુ હાલમાં તેવા બંધન શિથિલ થયા છે.

સામાન્ય રીતે સપ્રવર કન્યા સાથેનો વિવાહ નિષેધ ગણાય.પરંતુ આધુનિક યુગમાં તેને બહુ મહત્વ આપવામાં આવતું નથી. તેમજ એક જ ગોત્રમાં પણ વિવાહ પર નિષેધ ગણાતો.

વિવાહ સમય બાબતમાં ધનારક અને મિનારક માસ છોડીને દેવ ઉઠી એકાદશીથી વૈશાખ સુદ પૂનમ સુધીમાં યોજી શકાય છે. પોતાના પ્રદેશમાં જે પ્રમાણે રિવાજ હોય અગર પરંપરા અનુસાર યોજવાનું માન્ય ગણવામાં આવે છે. જેઠ માસમાં જ્યેષ્ઠ પુત્રનો જ્યેષ્ઠ કન્યા સાથે વિવાહ કરવો જોઈએ નહી અને જ્યેષ્ઠ પુત્ર અગર પુત્રીનો વિવાહ તેઓના જન્મમાસમાં અગર તે દિવસે અગર તે નક્ષત્રમાં કરવો જોઈએ નહી. લગ્ન બાબતમાં કુંડળીમાં ચંદ્રનું શક્તિમાન સ્થાન આવશ્યક માનવામાં આવે છે. કુંડળીમાં વર્ણ, વશ્ય, નક્ષત્ર, યોની, ગ્રહ, ગણ, રાશી અને નાડી એમ આઠ વસ્તુઓનો ખ્યાલ રાખવામાં આવે છે. અને તે ઉપર અંકની સંખ્યા મુકવામાં આવે છે. સમાન નાડીનો દોષ ગણવામાં આવે છે.

ધર્મશાસ્ત્રોમાં વિવાહના આઠ પ્રકાર જોવા મળે છે. તેમાં બ્રાહ્મ, દૈવ, આર્ષ અને પ્રજાપત્ય પ્રચલિત છે. બ્રાહ્મ વિવાહ એને કહેવામાં આવે છે કે જેમાં અલંકારો અને પરિધાનો સાથે કન્યાને વેદ સુપાત્ર વ્યક્તિને નિમંત્રણ આપી તેને સોંપવામાં આવે છે. જયારે કન્યાને અલંકૃત કરીને યજ્ઞ સમયે પુરોહિતની ઉપસ્થિતિમાં

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સોંપવામાં આવે છે ત્યારે તેને દેવ વિવાહ કહેવાય છે. જયારે કન્યાને ગાયના જોડાના બદલામાં નિયમ પાલન માટે આપવામાં આવે છે ત્યારે તેને આર્ષ વિવાહ કહેવાય છે.

જયારે પિતા વર અને કન્યાને ધાર્મિક ક્રિયા માટે મધુપર્ક સાથે સંમાનીત કરી કન્યાદાન આપે છે ત્યારે તેને પ્રજાપત્ય વિવાહ કહેવામાં આવે છે. અન્ય પ્રકાર અસુર, ગાંધર્વ, રાક્ષસ અને પિશાચ છે. અસુર લગ્નમાં કન્યાનું વેચાણ થાય છે. માટે વર્જ્ય છે. ગાંધર્વ લગ્ન પિતાની ઇચ્છા કે સંમતી સિવાય માત્ર વાસના પોષવા માટેનું લગ્ન હોઈને વર્જ્ય ગણાય છે. રાક્ષસ અને પૈશાચ લગ્નમાં કન્યાની સંમતિ વિના પરાણે બળાત્કારથી લગ્ન થતા હોઈને તે વર્જ્ય છે.

પ્રથમ ચાર પ્રકારના વિવાહમાં કન્યાદાન દેવામાં આવે છે. તમામ પ્રકારના લગ્નમાં હોમ અને સપ્તપદી આવશ્યક ગણવામાં આવે છે. તેમ છતા પ્રથમ ચાર પ્રકારમાં મધુપર્ક, અગ્નિપ્રદક્ષિણા પાણીગ્રહણ વગેરેનું ઘણું મહત્વ છે. ધર્મસૂત્રમાં જણાવ્યું છે કે ઉત્તમ પ્રકારના વિવાહથી જોડાય છે તેઓના સંતાન સદ્ચારીત્રવાળા અને સંસ્કારી હોય છે. અને તેઓ ધાર્મિક, યશસ્વી અને દીર્ઘાયુ હોય છે. આમ સોળ સંસ્કારમાં વિવાહ સંસ્કાર ખુબ મહત્વનો સંસ્કાર ગણવામાં આવે છે.

**(૧૬) અંત્યેષ્ટિ સંસ્કાર**

આ મનુષ્યના મૃત્યુ પ્રસંગે કરતી વિધિ છે. દશા, એકાદશા અને દ્વાદશા દિવસે શ્રાદ્ધ કર્યા બાદ તેરમાને દિવસે પુત્રી કે બ્રાહ્મણને (ગોર) શય્યાદાન કરાય છે. કેટલાક ભોજનપ્રિય બ્રાહ્મણો ચૌદમાના દિવસે પણ બ્રહ્મભોજન કરે છે. ઉનમાંસીસો, મામીસો, છમાસી અને વર્ષીની નિયમિત શ્રાદ્ધવિધિ થાય છે.

અંત્યેષ્ટિ શબ્દ અંત્ય અને ઇષ્ટિ - આ બે શબ્દોથી બને છે. અંત્યનો અનર્થ અંતિમ અને ઇષ્ટિનો સામાન્ય અર્થ યજ્ઞ. સમાન્ય રીતે મૃત્યુ પછી કરવામાં આવતા સંસ્કારને અંત્યેષ્ટિ સંસ્કાર કહેવામાં આવે છે.

આમ, અંત્યેષ્ટિ સંસ્કાર એટલે મરણની અંતિમ વેદોક્ત વિધિ.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

અંત્યેષ્ટિ સંસ્કારને પિતૃમેધ, પીંડપિતૃયજ્ઞ, અંત્યકર્મ, ઔર્ધ્વદૈહિક સંસ્કાર, સ્મશાનકર્મ વગેરે પણ કહેવાય છે.

અંત્યેષ્ટિ સંસ્કાર મુખ્યત્વે બે રૂપોમાં પૂર્ણ થાય છે. પહેલું મરણાસન અવસ્થા અને બીજું મૃત્યુ પછી અસ્થિવિસર્જન માટે કરવામાં આવતા કાર્ય.

अंतकाळे च मामेव स्मरन्मुंकत्वा कलेवरम् ।

यः प्रयाति समभावं याति नास्त्यत्र संशयः ॥

એટલેકે જે અંત સમયે મારું સ્મરણ કરતો શરીર છોડી જાય છે તે મારા ઈશ્વરભાવને પામે છે તેમાં સંશય નથી. શુદ્ધિ પ્રકાશમાં કહ્યું છે કે અંત સમયે નીચેનાનું અથવા કોઈ એકનું દાન કરવું જોઈએ.

गौ, भूमि, तल, सुवर्ण, धृत, वस्त्र, धान्य, गुड, चांदी, मीठु - આ દાનનું ફલ ગયા શ્રાદ્ધ અથવા અશ્વમેધ યજ્ઞથી પણ વિશેષ છે. મૃત્યુ સમયે ઉત્ક્રાન્તિ ધેનું ગાય સાથે વાછરડાનું દાન કરવામાં આવે છે. જયારે વ્યક્તિ મરણાસન્ન હોય અને તેનાંથી દાન ન થાય તો ત્યારે તેના પુત્ર અથવા નજીકના સંબંધી દ્વારા દાન કરાવે છે. અંત સમયે શિવનું તેમજ ઈષ્ટદેવનું ખરા મનથી સ્મરણ કરવું જોઈએ. જો જપ કરી શકે તેમ ન હોય તો તેનું શ્રવણ કરવું જોઈએ.

મરણોપરાંત ક્રિયા ત્રણ પ્રકારની હોય છે.

(૧) પૂર્વ (૨) મધ્યમ (૩) ઉત્તર

શબદાહ પછીના ૧૨ દિવસ સુધીની ક્રિયાઓને પૂર્વ ક્રિયા કહેવાય છે. માસિક, સપિંડીકરણ અને એકોદિષ્ટ નામક શ્રાદ્ધ તે મધ્યમ કહેવાય સપિંડીકરણ પછીની ક્રિયા પ્રેતયોની પછી મૃત વ્યક્તિ પિતૃઓની શ્રેણીમાં આવેછે. ત્યારની ક્રિયાઓ ઉત્તર કિયા કહેવાય છે. પૂર્વ અને મધ્યમ ક્રિયા પિતા, સપિંડો, સમાનોદકો સગોત્રો વગેરે કરી શકે છે. જયારે ઉત્તર ક્રિયા કેવળ પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર, દોહિત્ર તથા દોહિત્રના પુત્ર દ્વારા

સંપાદિત કરી શકાય. સ્ત્રીઓ માટે પણ પ્રતિ વર્ષ વાર્ષિક દિને એકોદીષ્ટ શ્રાદ્ધકર્મ કરવામાં આવે છે. આમ, અંત્યેષ્ટિ સંસ્કાર કરવાથી મૃતકની આત્માને પરલોકમાં સદગતી પ્રાપ્ત થાયછે.

આમ, બ્રાહ્મણ એ અંત્યેષ્ટિ સુધીના બધા સંસ્કારો વેદોક્ત વિધિથી અને મંત્રોથી કરવા જોઈએ. કારણકે સંસ્કાર આ લોક અને પરલોકમાં પવિત્ર કરવાવાળા છે.

મહાભારતના અનુશાસન પર્વમાં પણ કહ્યું છે કે

वैदिके: कर्मभि: पुष्यैनिषेकादि द्वीजन्मनाम् ।

कार्य: शरीर संस्कार: पावन: प्रत्य चेह च ॥

આમ, સંસ્કારો દ્વારા શરીરને પરબ્રહ્મની પ્રાપ્તિ માટે યોગ્ય બનાવાય છે.

**સંદર્ભગ્રંથો :-**

૧) 'संस्कार प्रकाश', गीताप्रेस, गोरखपुर, २०१९, पृ. १६

२) डो.(श्रीमती)भगवती सुदेश 'संस्कार विमर्श', राष्ट्रीय संस्कृत साहित्य केन्द्र,जयपुर,प्रथम आवृत्ति,२००८, पृ. १५

3) डो. त्रीवेदी कपीलदेव, ' वेदोमे समाजशास्त्र, अर्थशास्त्र और शिक्षाशास्त्र', विश्वभारती अनुसंधान परिषद, ज्ञानपुर, उ.प्र., द्वितीय संस्करण, २०१०, पृ. ५०

४) स्वामी श्री दयानंद सरस्वती संस्कार विधि दिल्ली १७वा संस्करण २०१० पृ.०४

૫) ડો. વ્યાસ હસમુખ 'ઔદીચ્ય બ્રાહ્મણ ગૌત્ર પરિચય' વિરલ પ્રકાશન, રાજકોટ પ્રથમ આવૃત્તિ ૨00૪ પૃ. 0૮

૬) પંડિત શર્મા શ્રીરામ આચાર્ય, 'કર્મકાંડ ભાસ્કર' યુગ નિર્માણ યોજના, મથુરા આવૃત્તિ ૧૯૯૭, પૃ. ૧૩૬

૭) પાઠક ગોરાભાઇ રામજીભાઈ, બ્રાહ્મણોના સોળ સંસ્કાર, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૮૯૬, પૃ. 0૫

૮) ડો. રાજગોર શિવપ્રસાદ, 'ગુજરાતના બ્રાહ્મણોનો ઈતિહાસ', અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૭, પૃ. ૫૮૭

૯) શુક્લ નટવરલાલ જગન્નાથ, 'શ્રી ગૌડ માર્તંડ', અમદાવાદ, ઈ.સ.૨૦૧૨ પૃ. ૪૩

૧0) ભોજક રસિકલાલ બી., 'ઇચ્છાનુસાર સંતાન પ્રાપ્તિ', વૈદિક સાહિત્ય પ્રકાશન અમદાવાદ, વર્ષ;૨૦૧૭ પૃ. ૧૧૯

૧૧) શાસ્ત્રી જાની લલિતચંદ્ર ગિરીજાશંકર, 'દક્ષિણા' પૂજા એન્ટરપ્રાઈઝ, રાજકોટ, આવૃત્તિ - ૨00૧, પૃ. ૨૯